### ફૂડ વિભાગે ICDS કિચન અને શાળાઓમાંથી ૨૨ નમૂના લીધા

# કુંભારવાડાની આંગણવાડીમાં ખરાબ ભોજનની ફરિયાદ બાદ આખરે મ્યુ. આરોગ્ય તંત્ર હરકતમાં



### ગ્રાહકની ફરિયાદના પગલે અસિમ ટ્રેડર્સમાંથી તેલના ડબ્બા જપ્ત કરાયા

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારની આંગણવાડીમાં પીરસવામાં આવતા ભોજનમાં જીવાત હોવાની ગંભીર ફરિયાદ ઉઠવા પામી હતી. સદનસીબે, જીવાત ધ્યાને આવતાં આ ભોજન બાળકોને આપવામાં આવ્યું ન હતું. આ ઘટના બાદ અને હાલ ચાલી રહેલા 'પોષણ માસ' અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી અને શહેરના વિવિધ ત્રણ આઈસીડીએસ (ICDS) કિચન, શાળા તેમજ એક વેપારી પેઢી પર દરોડા પાડીને ખાદ્યપદાર્થોના સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી હતી.

મનપાના ફૂડ વિભાગે હાદાનગર સ્થિત આઈસીડીએસ કિચનમાંથી ખાદ્યતેલ, સુખડી, ઈદડાં, તુવેરદાળ, મીઠું, ચોખા, ફોર્ટિફાઈડ લોટ અને ચણા સહિત કુલ ૮ નમૂના લીધા હતા. આ ઉપરાંત નિર્મળનગર આઈસીડીએસ કિચનમાંથી સુખડી, ઈદડાં, ચોખા, અડદ દાળ અને ચણાના ૫ નમૂના તેમજ આનંદનગર આઈસીડીએસ કિચનમાંથી મરચાં પાવડર, ખાદ્યતેલ, હળદર, ખાંડ, ચોખા અને તુવેર દાળના ૬ નમૂના એકત્ર કર્યા હતા. સાથોસાથ ફુલસર ખાતે આવેલી પ્રમુખસ્વામી પ્રાઈમરી સ્કૂલમાં મધ્યાહન ભોજનમાં પીરસાયેલી મસાલા સિંગના ૨ નમૂના પણ લેવામાં આવ્યા હતા. બીજી તરફ, ગ્રાહકની ખરાબ તેલની ફરિયાદના આધારે પોલીસે જાણ કરતાં ફૂડ વિભાગે અસિમ ટ્રેડર્સમાંથી સનફ્લાવર ઓઈલનો નમૂનો લીધો હતો અને પોલીસે તેલના ચાર ડબ્બા જપ્ત કર્યા હતા. આ તમામ ૨૨ નમૂનાઓને પૃથક્કરણ (લેબ ટેસ્ટિંગ) માટે સરકારી પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા છે.

# ભાવનગર RTOમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માટે સ્લોટની તંગીથી અરજદારો ત્રાહિમામ

### રોજના ૩૦૦ લર્નિંગ લાયસન્સ સામે ટેસ્ટ માટે માત્ર ૨૧૦ સ્લોટ ફાળવાતાં હાલાકી, પેન્ડિંગ અરજદારો માટે સ્પેશિયલ સ્લોટ ફાળવવા માંગણી

ભાવનગર,તા.૧૧

ભાવનગર આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષથી ડ્રાઈવિંગ ટેસ્ટના સ્લોટ બુકિંગને લઈને સામાન્ય નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઓનલાઈન પ્રક્રિયાના કારણે જિલ્લામાં દરરોજ ૨૭૦થી ૩૦૦ જેટલાં લર્નિંગ લાયસન્સ ઈશ્યૂ થાય છે, પરંતુ તેની સામે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે ટુ-વ્હીલરના ૧૪૦ અને ફોર-વ્હીલરના માત્ર ૭૦ મળી કુલ ૨૧૦ સ્લોટ જ ફાળવવામાં આવે છે. લર્નિંગ લાયસન્સ અને પ્રાયોગિક ટેસ્ટ વચ્ચેની આ મોટી ખાઈના કારણે હજારો અરજદારોનો બેકલોગ સતત વધી રહ્યો છે.

દરરોજ નવો સ્લોટ ખૂલે ત્યારે હજારો લોકો એકસાથે બુકિંગનો પ્રયાસ કરતા હોવાથી ટેકનિકલ સમસ્યાઓ સર્જાય છે અને મોટાભાગના લોકોને મહિનાઓ સુધી ટેસ્ટની તારીખ જ મળતી નથી. પરિણામે, લોકોનો કિંમતી સમય અને નાણાંનો વ્યય થાય છે તેમજ વારંવાર રવિયા આર.ટી.ઓ.ના ધક્કા ખાવા મજબૂર બનવું પડે છે. છેલ્લા ત્રણ વર્ષથી ચાલી આવતી આ ધીમી પ્રક્રિયાનો ઉકેલ લાવવા માટે ટેસ્ટના રોજિંદા સ્લોટ વધારવામાં આવે, પેન્ડિંગ ઉમેદવારો માટે વિશેષ ટેસ્ટ સ્લોટ કે વધારાના દિવસોનું આયોજન કરવામાં આવે અને લર્નિંગ તથા ડ્રાઈવિંગ ટેસ્ટ વચ્ચેનું પ્રમાણ જાહેર કરી બુકિંગ પ્રક્રિયા વધુ પારદર્શક બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ઝાંઝમેરમાં સિલાઈ કામ બંધ કરવાનું કહી મહિલા પર ચાર શખ્સોનો હુમલો

ભાવનગર,તા.૧૧

તળાજા તાલુકાના ઝાંઝમેર ગામે ઘરની અગાશીમાં સિલાઈ કામ કરતી મહિલા ઉપર ચાર શખ્સોએ હુમલો કરી ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ભોગ બનનાર મહિલા નયનાબેન અરવિંદભાઈ ભાલીયાએ દશરથ જીવનભાઈ, વાલજી બુધાભાઈ, જતીન વાલજીભાઈ અને પ્રમીત ભરતભાઈ (તમામ રહે. ઝાંઝમેર) સામે દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મહિલા પોતાના ઘરની અગાશીના પતરાના શેડમાં રેડિમેઈડ પેન્ટ સિવવાનું કામ કરે છે. તેમના ઘર સામે રહેતા વાલજીભાઈના મકાનમાં હીરાનું કારખાનું આવેલું છે, જ્યાં હીરા ઘસતા દશરથભાઈએ મહિલાને બોલાવ્યા હતા. ત્યારબાદ ઉક્ત ચારેય શખ્સોએ મહિલાને સિલાઈ કામ બંધ કરી દેવા જણાવ્યું હતું. મહિલાએ ના પાડતાં ઉશ્કેરાયેલા શખ્સોએ અપશબ્દો બોલી, માર મારી ઈજા પહોંચાડી હતી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના અંગે દાઠા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ઘરની અગાશીમાં રેડિમેઈડ પેન્ટ સિવતી મહિલાને અપશબ્દો કહી માર મારી જાનથી મારી નાખવાની ધમકી**

### ૭ થી ૧૦ વર્ષની જેલ અને રૂ. ૧૦ લાખ સુધીના દંડની જોગવાઈ

# મંત્રી વાઘાણીએ રજૂ કર્યું ઐતિહાસિક 'ગુજરાત પશુધન આહાર અને ખનિજ મિશ્રણ વિધેયક': ભેળસેળિયા તત્વોમાં મચેલો ફફડાટ

### સર્વોત્તમ ડેરીના સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોતે પશુપાલકો અને પશુધનના હિતમાં લાવવામાં આવેલા કાયદાને આવકારી રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા





ભાવનગર,તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારના કૃષિ, સહકાર અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા રાજ્યના પશુપાલકો, ખેડૂતો અને પશુધનના સ્વાસ્થ્યની સુરક્ષા તથા આર્થિક હિતને ધ્યાને રાખીને એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક વિધેયક "ગુજરાત પશુધન આહાર અને ખનિજ મિશ્રણ વિધેયક" રજૂ કરવામાં આવ્યું છે. ગુજરાત પશુપાલન અને શ્વેતક્રાંતિ ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે અને રાજ્યના લાખો પરિવારોની આજીવિકા સંપૂર્ણપણે પશુધન પર નિર્ભર છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બજારમાં નકલી, મિલાવટવાળો અને નબળી ગુણવત્તાવાળો પશુ આહાર વેચીને કેટલાક અસામાજિક તત્વો ભોળા પશુપાલકોને છેતરી રહ્યા હતા અને મૂંગા પશુઓના આરોગ્ય સાથે રમત રમી રહ્યા હતા, જેના કારણે આ પ્રકારની ભેળસેળ અને ભ્રામક ખોટા લેબલિંગને અટકાવવા માટે કડક કાયદો બનાવવો અત્યંત અનિવાર્ય બન્યો હતો.

આ નવા કાયદાની જોગવાઈઓ મુજબ હવે પશુ આહારના ઉત્પાદન અને વેચાણ માટે પશુપાલન વિભાગ પાસેથી કાયદેસરનું લાઈસન્સ મેળવવું ફરજિયાત બનશે. પશુ આહારમાં ભેળસેળ કરનારા જવાબદારો સામે ૭ થી ૧૦ વર્ષ સુધીની સખત જેલની સજા અને રૂ. ૫ લાખ સુધીનો દંડ ફટકારવાની કડક જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે ગુણવત્તા વગરના આહાર કે પશુના મોતના કિસ્સામાં રૂ. ૧૦ લાખ સુધીનો દંડ અને ૭ વર્ષની જેલની સજા થશે. આ ઉપરાંત ભ્રામક જાહેરાતો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને કાયદાના યોગ્ય અમલીકરણ તથા ક્વોલિટી કંટ્રોલ માટે ઉચ્ચ સ્તરીય નિષ્ણાતોની હાઈ-લેવલ કમિટીની રચના કરવામાં આવશે. આ કાયદો માત્ર ગુજરાતમાં ઉત્પાદિત થતા આહાર માટે જ નહીં, પરંતુ અન્ય રાજ્યો કે વિદેશમાંથી ગુજરાતમાં વેચાણ અર્થે આવતા પશુ આહારને પણ સમાન રીતે લાગુ પડશે, જેથી પશુપાલકોને ઉત્તમ, શુદ્ધ અને પૌષ્ટિક આહાર વાજબી કિંમતે મળી રહે.

રાજ્ય સરકારના આ પ્રશંસનીય નિર્ણયને ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સર્વોત્તમ ડેરી) તરફથી સહર્ષ વધાવી લેવામાં આવ્યો છે. સર્વોત્તમ ડેરીના સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોતે આ વિધેયકને આવકારતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને ચરિતાર્થ કરતું આ વિધેયક સમગ્ર ગુજરાતના પશુધન અને પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. પશુપાલકોના હિતમાં લેવાયેલા આ નિર્ણય બદલ સર્વોત્તમ ડેરી, સિહોર પરિવારે રાજ્ય સરકાર અને મંત્રી જીતુભાઈ વાઘાણીનો આભાર વ્યક્ત કરીને અભિનંદન પાઠવ્યા છે.

# શ્રાવણ માસ અમાસ પર્વે પિતૃ વંદના





સનાતન શાસ્ત્રમાં દેવ દેવી અને પિતૃઓ સાથે પ્રકૃતિની વંદનાનું વિશેષ મહાત્મ્ય રહેલું છે. શિવજીનાં મહિમાવંત શ્રાવણ માસ અમાસ એ પરંપરાગત લોકસંસ્કૃતિમાં 'ભાદરવી અમાસ' તરીકે પ્રચલિત થઈ છે. આ અમાસ પ્રસંગે પિતૃઓને પાણી પાવાની મહિમાવંત વિધિ રહેલ છે, જેમાં પીપળાના વૃક્ષની પૂજન વંદના સાથે સૌ વહેલી સવારથી જ પાણી પાઈને દિવંગત વડવાઓની આ રીતે તરસ છીપાવે છે. ગોહિલવાડનાં ઈશ્વરિયા ગામનાં પાદરમાં પણ અમાસ પર્વે પિતૃ વંદના થઈ, જે દશ્ય તસવીરકાર મૂકેશ પંડિત દ્વારા ઝીલાયું છે.

### પતિને પગની ધોરી નસ તૂટતાં સારવાર્થે અમદાવાદ ખસેડાયા

# દીહોર-નેસવડ રોડ પર બાઈક અકસ્માતમાં દંપતીને ગંભીર ઈજા

### બેફામ ઝડપે આવતી બાઈકે દંપતીની પ્લેટીનાને જોરદાર ટક્કર મારીઃ મહિલાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો

ભાવનગર,તા.૧૧

તળાજા તાલુકાના દીહોર ગામ પાસે બાઈકચાલકે બેફિકરાઈથી વાહન ચલાવી સામેથી આવતી બાઈકને જોરદાર ટક્કર મારતાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં દંપતી ગંભીર રીતે ઘવાયું છે. આ અકસ્માતમાં પતિને ડાબા પગની ધોરી નસ તૂટી જવા સહિત ફ્રેક્ચર અને ગંભીર ઈજાઓ પહોંચતાં વધુ સારવાર અર્થે અમદાવાદની હોસ્પિટલમાં આઈસીયૂ (ICU) વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે તળાજા પોલીસ મથકમાં બાઈકચાલક સામે કાયદેસરની ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો અનુસાર, તળાજાના દીહોર ગામે ગોદરા વિસ્તારમાં રહેતાં મંગુબેન લવજીભાઈ પનોત (ઉ.વ. ૫૧) અને તેમના પતિ લવજીભાઈ મોતીરામભાઈ પનોત પોતાની પ્લેટીના મોટરસાયકલ નં. GJ 04 AF 394લઈને વાડીએ ગયાં હતાં. સાંજના સમયે વાડીએથી ભેંસો દોહીને પરત ઘરે ફરી રહ્યાં હતાં ત્યારે દીહોર-નેસવડ રોડ પર મનહરભાઈ વિઠ્ઠલભાઈ પનોતની વાડી પાસે સામેથી આવતી મોટરસાયકલ નં. GJ 04 EN 6835ના ચાલકે પોતાની બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને તેમની બાઈક સાથે જોરથી ભટકાડી દીધી હતી. આ અકસ્માતમાં દંપતી રોડ પર પટકાતાં અર્ધબેભાન હાલતમાં થઈ ગયું હતું. સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને તાત્કાલિક ભાવનગરની બીમ્સ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જ્યાં મંગુબેનને ડાબા પગે, કમર અને માથાના ભાગે મૂઢ ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર અપાઈ હતી. જ્યારે તેમના પતિ લવજીભાઈને ડાબા પગે ગંભીર ઈજા, બંને કાનમાંથી લોહી નીકળવું અને શરીર પર છોલાણ થયું હતું. લવજીભાઈને ડાબા પગની ધોરી નસ તૂટી ગઈ હોવાથી પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને વધુ સારવાર માટે અમદાવાદની સનરાઈઝ હોસ્પિટલમાં આઈસીયૂમાં દાખલ કરાયા છે. પતિની સારવારમાં રોકાયેલા હોવાથી વિલંબથી તળાજા પોલીસ સ્ટેશન પહોંચી મંગુબેને ફરિયાદ નોંધાવતાં પોલીસે નંબર GJ 04 EN 6835 ના બાઈકચાલક સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# માઢીયામાં સ્મશાન પાસે જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

### રૂ.૧૩,૭૪૦ની રોકડ રકમ અને ગંજીપત્તા સાથે પાંચેય આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા

ભાવનગર,તા.૧૧

વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના નવા માઢીયા ગામે જાહેર જગ્યામાં જુગાર રમી રહેલા પાંચ શખ્સોને પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રોકડ રકમ સાથે ઝડપી લીધા છે. આ અંગે વેળાવદર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ વનરાજસિંહ ગોહિલે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો અનુસાર, વેળાવદર ભાલ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે માઢીયા ગામે સ્મશાન પાસે જાહેર જગ્યામાં રેડ કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન પૈસા-પાના વડે હાર-જીતનો જુગાર રમતા (૧) હરેશભાઈ હિરાભાઈ રાઠોડ (ઉ.વ. ૩૧), (૨) ઘનશ્યામભાઈ ધરમશીભાઈ મેર (ઉ.વ. ૩૬), (૩) વિજયભાઈ ડાયાભાઈ પરમાર (ઉ.વ. ૪૧), (૪) વિક્રમભાઈ રમણીકભાઈ મેર (ઉ.વ. ૩૦), અને (૫) પ્રકાશભાઈ ઓધાભાઈ સોલંકી (ઉ.વ. ૩૨) (તમામ રહે. નવા માઢીયા, તા.જી. ભાવનગર) નામના પાંચેય શખ્સોને પોલીસે કોર્ડન કરી રંગેહાથ પકડી પાડ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી ગંજીપત્તાના ૫૨ પાના તેમજ પટમાંથી રોકડા રૂ. ૧૩,૭૪૦નો મુદ્દામાલ પંચનામાની વિગતે કબ્જે કર્યો છે. આ મામલે પાંચેય આરોપીઓ સામે જુગાર અટકાયતી અધિનિયમની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પર્યુષણ પર્વ નિમિતે બાંદ્રા ભાવનગર બાંદ્રા વચ્ચે દોડશે સુપરફાસ્ટ સ્પે.ટ્રેન

### ૧૫ મીએ બાંદ્રાથી ભાવનગર અને ૧૬મીએ ભાવનગર બાંદ્રા વચ્ચે દોડશે સુપરફાસ્ટ ટ્રેન



ભાવનગર,તા.૧૧

પર્યુષણ પર્વ દરમિયાન સંભવિત વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા યાત્રિયોની સુવિધા માટે ભાવનગર ટર્મિનસ–બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિશેષ ટ્રેનના સંચાલનથી ભાવનગર અને મુંબઈ વચ્ચે યાત્રિયોને વધારાની રેલ સુવિધા ઉપલબ્ધ થશે.


મંડળ રેલ પ્રબંધક, ભાવનગર,દિનેશ વર્માએ જણાવ્યું કે ભાવનગર મંડળ દ્વારા યાત્રિયોની સુવિધા અને સરળ અવરજવરને પ્રાથમિકતા આપીને તહેવારો તથા ધાર્મિક આયોજનો દરમિયાન વધતી યાત્રી માંગને પહોંચી વળવા માટે જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. આ વિશેષ ટ્રેન શ્રદ્ધાળુઓ માટે સુવિધાજનક અને સરળ રેલ મુસાફરી ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર, શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર વિશેષ ટ્રેનનું સંચાલન નીચે મુજબ રહેશેઃ બાંદ્રા ટર્મિનસ–ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ (ટ્રેન નંબર ૦૯૦૨૩) ટ્રેન ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ (મંગળવાર)ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૧૯:૨૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૬ સપ્ટેમ્બરે ૧૦:૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. વળતી દિશામાં ભાવનગર ટર્મિનસ–બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ (ટ્રેન નંબર ૦૯૦૨૪) તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ (બુધવાર)ના રોજ ભાવનગર ટર્મિનસથી ૧૭:૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૭ સપ્ટેમ્બરે ૦૭:૨૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

આ વિશેષ ટ્રેન બંને દિશામાં સિહોર, સોનગઢ, ધોળા, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, વલસાડ, વાપી અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. યાત્રિયોની સુવિધા માટે ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર તથા એસએલઆરડી કોચ ઉપલબ્ધ રહેશે.ટ્રેન નંબર ૦૯૦૨૩ અને ૦૯૦૨૪ માટે આરક્ષણ બુકિંગ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ (શુક્રવાર)થી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ IRCTCની અધિકૃત વેબસાઈટ દ્વારા શરૂ થશે.

# ભરતનગર ખાતે રવિવારે નેત્ર નિદાન અને બેતાળા ચશ્મા કેમ્પ વિતરણ

### સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે કરાયેલું આયોજન



ભાવનગર,તા.૧૧

સરદાર યુવા મંડળ, ભાવનગર દ્વારા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણીના ભાગરૂપે એક માનવસેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળના સભ્ય જીતુભાઈ વાળાના વિશેષ સહયોગથી આગામી તારીખ ૧૩/૦૯/૨૦૨૬ ને રવિવારે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન વિનામૂલ્યે આંખ તપાસ તથા બેતાળા ચશ્મા વિતરણ કેમ્પ યોજાશે. આ કેમ્પનો લાભ ૪૦ થી ૬૦ વર્ષની વયજૂથના જરૂરિયાતમંદ ભાઈઓ અને બહેનો લઈ શકશે. આ આયોજન ભરતનગર શાક માર્કેટ રોડ, અભિષેક સોસાયટી, પ્લોટ નંબર ૨૪૧ સ્થિત 'સરદાર યુવા મંડળ'ના કાર્યાલય ખાતે રાખવામાં આવ્યું છે. આ સેવાકીય કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ ભરત મોણપરા, મનીષ પરમાર, ભરત મકવાણા તેમજ હિરેન જાજલ જહેમત ઉઠાવી રહ્યા છે. મંડળના સભ્યો દ્વારા વિસ્તારના તમામ જરૂરિયાતમંદ નાગરિકોને આ કેમ્પનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# કાર અને રૂ. ૧ લાખની ખંડણી માંગી યુવક તથા પિતા પર હુમલો, વાહનોમાં તોડફોડ

## જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ. ૨,૦૦૦ બળજબરીથી પડાવી લીધા: જૂની માણેકવાડીમાં દાદાગીરી કરતા બે શખ્સો સામે ગંગાજળિયા પોલીસમાં ગુનો નોંધાયો

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરના જૂની માણેકવાડી વિસ્તારમાં લુખ્ખાગીરી અને દાદાગીરી કરતા બે શખ્સોએ એક ડિલિવરી બોય અને તેમના પિતા પાસે સ્વિફ્ટ કાર તથા રૂ. ૧ લાખની ખંડણી માંગી, ઢીકાપાટુનો માર મારી તેમજ લોખંડના પાઇપ વડે મોટરસાઇકલમાં તોડફોડ કરી આતંક મચાવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં બંને આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, જૂની માણેકવાડી, એકતા ફ્લેટમાં રહેતા અને ઈન્ડિયન ગેસના બાટલા ડિલિવરી બોય તરીકે કામ કરતા શાહનવાઝ યુસુફભાઇ રાઠોડ (ઉ.વ. ૨૯)ને તારીખ ૦૭/૦૯/૨૦૨૬ના રોજ સવારે પોણા અગિયારેક વાગ્યે તેમના જ વિસ્તારમાં રહેતા લખનભાઈ કલાભાઈ રાઠોડે ફોન કર્યો હતો. લખને શાહનવાઝને કહ્યું હતું કે, "તારી સ્વિફ્ટ કાર મને આપી દે, મને ખૂબ ગમે છે અને ગાડી તો તારે આપવી જ પડશે." તેમ કહી ગોળ-ગોળ વાતો કરી આડકતરી રીતે ધમકી આપી હતી.

ત્યારબાદ તારીખ ૦૮/૦૯/૨૦૨૬ના રોજ સવારે દસેક વાગ્યે લખન રાઠોડ અને તેનો મિત્ર સફુભાઇ મુસ્તાકભાઇ સૈયદ શાહનવાઝના ઘર પાસે આવ્યા હતા. બંનેએ ગાળો આપી કહ્યું હતું કે, "અમને એક લાખ રૂપિયા આપવા પડશે, નહિતર તારું અને તારા બાપાનું અપહરણ કરી ઘોદા મારી દેશું અને લાશ પણ હાથમાં આવવા દેશું નહીં." બીકના માર્યા શાહનવાઝે તેની પાસે રહેલા રૂ. ૨,૦૦૦ આપી દીધા હતા અને કરગરીને ત્યાંથી નીકળી ગયો હતો.

તારીખ ૦૯/૦૯/૨૦૨૬ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યાના સુમારે શાહનવાઝના પિતા યુસુફભાઇ જૂની માણેકવાડી ચોકમાંથી સ્કૂટર લઈને નીકળતા હતા ત્યારે લખન અને સફુએ તેમને રોકીને રૂ. ૧ લાખની માંગણી કરી હતી. બંનેએ તેમને ઢીકાપાટુ તથા ધોલધપાટનો માર માર્યો હતો. આ દરમ્યાન લખને પોતાના નેફામાંથી છરી જેવું હથિયાર કાઢવાનો પ્રયાસ કરતા યુસુફભાઇ જીવ બચાવીને ભાગ્યા હતા અને ફ્લેટમાં સંતાઈને દરવાજો બંધ કરી દીધો હતો.

ત્યારબાદ તારીખ ૧૦/૦૯/૨૦૨૬ના રોજ મોડી રાત્રે આશરે ૨:૩૦ વાગ્યાના સુમારે શાહનવાઝના ઘર પાસે જોરદાર તોડફોડનો અવાજ આવ્યો હતો. પરિવારજનોએ ગેલેરીમાંથી જોતાં લખન અને સફુ હાથમાં લોખંડના પાઇપ લઈને શાહનવાઝના એક્સેસ મોટરસાઇકલ તેમજ પડોશી પરવેઝભાઇના મોટરસાઇકલમાં તોડફોડ કરી રહ્યા હતા. તેઓ બૂમો પાડીને "ખંડણી તો આપવી જ પડશે, નહીંતર બધું સળગાવી દેશું" તેવી ધમકીઓ આપતા હતા.

આરોપીઓ પડોશી હોવાથી શરૂઆતમાં ફરિયાદીએ ફરિયાદ કરી નહોતી, પરંતુ રાત્રે ઘરમાં આવી વાહનોમાં તોડફોડ કરતા આખરે પરિવારની સંમતિથી શાહનવાઝ રાઠોડે ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે લખન કલાભાઇ રાઠોડ અને સફુભાઇ મુસ્તાકભાઇ સૈયદ સામે મ્હજીની કલમ ૩૦૮(૪), ૩૦૮(૫), ૩૫૧(૩), ૩૫૨, ૩૨૪(૨), ૫૪ અને જી.પી. એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધ્યો છે. આ કેસની વધુ તપાસ મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર લક્ષ્મીબા સાર્દુલભાઇ ગોહિલ ચલાવી રહ્યા છે.

# ચિત્રા જીઆઈડીસીમાં કારખાનામાંથી ૧.૨૩ લાખના કોપરના મુદ્દામાલની ચોરી

## કારખાનાના દાદર નીચેથી મુદ્દામાલ ગાયબ, બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ, પૂર્વ કર્મચારી શંકાના દાયરામાં

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરના એરપોર્ટ રોડ સ્થિત બેંક કોલોનીમાં રહેતા અને ચિત્રા જીઆઈડીસીમાં પ્લોટ નં. ૧૪/૩૩ માં 'ચામુંડા ઈલેક્ટ્રો પ્લેટીંગ' નામનું કારખાનું ચલાવતા નરેશભાઈ કાનજીભાઈ ડોડિયા (ઉ.વ.૫૭) ના કારખાનામાં તસ્કરોએ ત્રાટકીને લાખો રૂપિયાનો મુદ્દામાલ ચોરી કરી ગયા હોવાની ઘટના સામે આવી છે. ગત ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રે કારખાનું બંધ કરી વેપારી ઘરે ગયા હતા. બીજા દિવસે સવારે કારખાને આવતા તેમના ભાઈ અતુલભાઈએ દાદર નીચે રાખેલ મેટલના રીલ ગાયબ હોવાનું જણાવ્યું હતું. તપાસ કરતા કારખાનામાંથી કોપરના ત્રણ રીલ, કોપરના જાડા વાળાના હુક, એક કોપરના વાયરનું બંડલ અને ૩૦૦ જેટલા કાસ્ટિંગ નંગ (અંદાજે ૧૧૨ કિલો વજન, કિંમત અંદાજે રૂપિયા ૧,૨૩,૨૦૦/-) ની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી ગયા હોવાનું બહાર આવ્યું હતું. વેપારી દ્વારા પોતાની રીતે ખાનગી તપાસ કરવામાં આવતા તેમની કંપનીમાં બે મહિના અગાઉ કામ કરતા ધવલ બુધાભાઈ દવે (રહે. ભાવનગર) નામના શખ્સ પર શંકા વ્યક્ત કરવામાં આવી છે. આ બનાવ અંગે ભોગ બનનાર નરેશભાઈની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસ મથકે બી.એન.એસ. કલમ ૩૦૫(એ), ૩૩૧(૪) અને ૩૩૧(૩) મુજબ ગુનો નોંધીને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# મજૂરીના પૈસા માંગવા બાબતે લોહિયાળ જંગ

## ભાવનગરના અકવાડા વિસ્તારનો બનાવ, પડોશીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ હુમલો

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરના અકવાડા ગામ, ઉપરકોટ ટાવર પાસે હરેશભાઈ વાઘેલાના મકાનમાં ભાડે રહેતા ગીતાબેન સુમરા (ઉ.વ.૩૦) પર મજૂરીના નાણાં માંગવા મુદ્દે પાડોશીઓ દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર ગીતાબેનની ફરિયાદના આધારે ઘોઘારોડ પોલીસ મથકે ચાર શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગીતાબેનના પાડોશી અમરબેનને હાથમાં ઈજા હોવાથી તેમના બદલામાં ગીતાબેને ચાર દિવસ સફાઈ કામ કર્યું હતું.ગઈકાલે ગુરુવારે સાંજના સમયે અમરબેનની પુત્રી હીનાબેન ગીતાબેનના ઘરે આવીને અગાઉ આપેલા ૯૦૦ રૂપિયા પાછા માંગ્યા હતા. ગીતાબેને આ મજૂરીના નાણાં હોવાનું કહેતા મામલો બિચક્યો હતો અને હીનાબેને ગાળો આપી હતી.ઝઘડો ઉગ્ર બનતા હીનાબેનના પિતા રમેશભાઈ પંથાભાઈ જોગડિયાએ લાકડાના ધોકાથી ગીતાબેનના કપાળના ભાગે ઘા મારી લોહીલુહાણ કરી દીધા હતા, જ્યારે અમરબેન અને હીનાબેને પણ ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન ગીતાબેનના પતિ બિનપભાઈ છોડાવવા આવતા તેમનો શર્ટ ફાડી નાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત ચિરાગભાઈ રમેશભાઈ જોગડિયાએ દંપતીને પોલીસ ફરિયાદ કરવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ઘટના બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગીતાબેનને સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના કપાળના ભાગે મુંઢ ઈજા થવાથી સારવાર આપવામાં આવી છે. આ બનાવ અંગે ગીતાબેન બિપીનભાઈ સૂમરાએ ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે બી.એન.એસ કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) તેમજ જી.પી. એક્ટ ૧૩૫ મુજબ બે મહિલા સહીત ચાર સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# પિયરથી મોડા આવતા પત્ની પર પતિ, જેઠ-જેઠાણીનો અત્યાચાર!

## બગદાણાના બોરડી ગામનો બનાવ, લાકડી તથા ધોલ-થપાટથી માર મારી શારીરિક-માનસિક ત્રાસ આપ્યા અંગે ફરિયાદ નોંધાવાઇ

ભાવનગર,તા.૧૧

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બગદાણા ગામના હનુમાન કોઠા વિસ્તારમાં રહેતા કાજલબેન પ્રવીણભાઈ બારૈયા (ઉ.વ.૩૦) પર તેમના જ પરિવારજનો દ્વારા ઘાતકી હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પતિના ઘરે મોડા પહોંચવા અને પિયરમાંથી રૂપિયા ૨૦,૦૦૦ની માંગણી કરવા બાબતે ઉશ્કેરાઈને આ મારપીટ કરવામાં આવી હતી.આ બનાવ અંગે બગદાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ગત ૫ સપ્ટેમ્બરના રોજ શ્રાવણ સુદ નોમના દિવસે કાજલબેન તેમના પિયર બોરડી ગામેથી પતિ પ્રવીણભાઈ તથા બે બાળકો સાથે ઘરે પરત આવ્યા હતા. પિયરથી મોડા આવવા અને બસની સગવડ ન હોવાની વાત બાબતે પતિ પ્રવીણભાઈએ ઉશ્કેરાઈને ગાળો બોલી૨૦ હજાર રૂપિયા લાવવા દબાણ કર્યું હતું. આ દરમિયાન બાજુમાંથી આવેલા જેઠ હીરાભાઈ અને જેઠાણી રસીલાબેને કાજલબેનને પકડી રાખ્યા હતા અને પતિ પ્રવીણભાઈએ લાકડી તથા ઢીકાપાટુનો માર મારી ડાબા હાથે તથા બંને પગે મુંઢ ઈજા પહોંચાડી હતી.

આ અગાઉ પણ અવારનવાર ઘરકામ બાબતે મેણાટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ અપાતો હોવાથી કંટાળીને ભોગ બનનાર મહિલાએ પોતાના ભાઈની મદદથી મહુવા સરકારી હોસ્પિટલ અને હનુમંત હોસ્પિટલમાં સારવાર લીધી હતી. ત્યારબાદ બગદાણા પોલીસ સ્ટેશનમાં પહોંચીને પતિ પ્રવીણભાઈ, જેઠ હીરાભાઈ અને જેઠાણી રસીલાબેન સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪, ૮૫ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**વ્યૂહાત્મક સલાહકાર સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી**

**ટેન્ડર નોટીસ નં. WR-BVP0COMM-FMCL-2-2025**

**કામનું નામ:** ભાવનગર, પશ્ચિમ રેલવે પર અમરેલી અને અમદાવાદ (ચાંગોદર, વટવા) વિસ્તાર માટે ફ્રેઈટ ટ્રાફિક (ગુડ્ઝ અને પાર્સલ) ના વધારા માટે વ્યૂહાત્મક સલાહકાર સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી. **કન્સલ્ટન્સી કામની કુલ અંદાજિત પડતર (કન્સલ્ટન્સીની પડતર):** ₹ ૨૯,૭૯,૫૦૦/- (GST સહિત) (રૂપિયા ઓગણત્રીસ લાખ ઓગણએંસી હજાર પાંચ સો પૂરા) **બીડ સિક્યુરીટી (ઈએમડી) :** ₹ ૬૦,૦૦૦/- (સાઈઠ હજાર પૂરા) **કોન્ટ્રાક્ટનો સમયગાળો:** ૧૮૦ દિવસ, **બીડ નિશ્ચિત તારીખ અને સમય:** તા.૦૬-૧૦-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે (IST), **બીડ ખુલવાની તારીખ અને સમય:** તા.૦૬-૧૦-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે (IST), **ટેન્ડર મોડ:** સિંગલ સ્ટેજ બે પેકેટ, **ઈ-પ્રોક્યોરમેન્ટ પોર્ટલ:** www.ireps.gov.in **ઓફિસનું સરનામું:** સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ભાવનગર ડિવિઝન- પશ્ચિમ રેલવે, ડીઆરએમ ઓફિસ, ભાવનગર પરા, ભાવનગર-૩૬૪ ૦૦૩. BVP-123

અમને ફોલો કરો: x.com/WesternRly

# સિહોરના નવાગામ સીમ વિસ્તારમાં દેશી દારૂની ધમધમતી ભઠ્ઠી ઝડપાઇ

## પોલીસે ૧.૧૯ લાખથી વધુના દેશી દારૂ, ભઠ્ઠી અને બે મોટરસાઇકલ સાથે બે શખ્સો સામે ગુનો દાખલ કર્યો

ભાવનગર,તા.૧૧

ભાવનગર જિલ્લાના શિહોર પોલીસ સ્ટેશનના અનાર્મ પો.કોન્સ. જગતસિંહ જયકૃષ્ણસિંહ ગોહિલ અને પોલીસ ટીમ ગત રાત્રે ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલી બાતમીના આધારે શિહોરના નવાગામ (મોટા) ગામની સીમમાં આવેલ પીપળીયા વાળી નદીના વેણમાં રેડ કરવામાં આવી હતી. જ્યા હરેશભાઈ રમેશભાઈ વાઘેલા (રહે. નવાગામ મોટા) અને નટુભાઈ ધીરૂભાઈ ચારોલા (રહે. અધેવાડા) નામના શખ્સો ગેરકાયદેસર રીતે વગર પાસ-પેરમિટ વગર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ચલાવતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પંચોની રૂબરૂમાં સ્થળ પર તપાસ કરતા બે ચુલાઓ ઉપર લોખંડના ટીપણામાં ઉકળતો ૧૪૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો (કિંમત અંદાજે રૂ. ૩૫,૦૦૦) જમીન પર ઢોળીને નાશ કર્યો હતો. આ ઉપરાંત સ્થળ પરથી ૧૨૦ લીટર તૈયાર દેશી દારૂ (કિંમત રૂ. ૨૪,૦૦૦), એલ્યુમિનિયમના તગારા, સ્ટીલની નળીઓ અને દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતી બે મોટરસાઇકલ (સ્પ્લેન્ડર પ્લસ અને સી.ડી. ડિલક્સ, કિંમત રૂ. ૬૦,૦૦૦) સહિત કુલ રૂપિયા ૧,૧૯,૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ રેડ દરમિયાન બંને મુખ્ય આરોપીઓ સ્થળ પર હાજર મળી આવ્યા ન હતા. આ બનાવ અંગે પોલીસકર્મી જગતસિંહ ગોહિલની ફ્રિયાદના આધારે બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટનીકલમ ૬૫(એ) (બી) (સી) (ડી) (ઇ) (એફ), ૯૮(૨) અને ૮૧ મુજબ શિહોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# મ્યુ. સેક્રેટરી વિભાગના સિનિયર ક્લાર્ક શૈલેષભાઈ ગોહિલના માતૃશ્રીનું અવસાન

**તળપદા કોળી મરણ (ભાવનગર);** સ્વ.શીવરાજભાઇ શામજીભાઈ ગોહેલના ધર્મપત્ની નયનાબેન શીવરાજભાઇ ગોહેલ(ઉ.વ.૬૮)નું તા.૧૦/૦૯/૨૦૨૬ને ગુરુવારનાદ અવસાન થયેલ છે. તેઓ ગ.સ્વ. કાશીબેન શામજીભાઈ ગોહેલ (રેડીયો કલાકાર)ના પુત્રવધુ,વાલજીભાઈ શામજીભાઈ તથા કિશોરભાઈ શામજીભાઈના ભાઈના પત્ની, શૈલેશભાઈ (સેક્રેટરીવિભાગ-મ્ન્રુ),સુનીલભાઈ (જીગાભાઈ - સાઈનાથ ફોટો ઝોન), ગૌતમભાઈ (મુનાભાઈ-સાઈનાથ પાઉંભાજી-સરદારનગર)ના માતૃશ્રી તથા જયરાજભાઈ (સોમનાથ કેટરસ),અનિલભાઈ,ઉમાબેન,ઈલાબેન,વૈશાલીબેનના કાકી થાય તથા દક્ષાબેન,મેઘાબેન તથા રીન્કલબેન ના સાસુ થાય.માનસી,વિશ્વા,દ્રષ્ટિ,પાર્થિવ, કાવ્યા, રૂદ્રા, આરુશી, વૈભવ, હિમા, શિવાંશ, દિવ્યાંશ,સત્યમ,શીવાન્યા ના બા થાય. સ્વ.મુળજીભાઈ ભીમજીભાઈ સોલંકીના દીકરી,સ્વ.અરવિંદભાઈ મુળજીભાઈ સોલંકી,દિનેશભાઈ સોલંકી તથા અનિલભાઈ સોલંકી તથા જયાબેન મકવાણા,ગીતાબેન પટેલ(રાજપીપળા),વસનબેન જાદવના બેન થાય. તથા મંગળાબેનના નણંદ અને રાહુલભાઈ અરવિંદભાઈના ફઇ થાય.તેમના સુવાળા સવારે તથા બેસણું તા. ૧૪/૦૯/૨૦૨૬ને સોમવારના રોજ કૃષ્ણનગર તળપદા કોળી જ્ઞાતિની વાડી, લીમ્બડીયું,બી ડીવીઝન પાસે,ઘોઘા રોડ ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ રાખેલ છે.તેમજ તેમની તેમની ઉતરક્રિયા તા.૧૮/૦૯/૨૦૨૬ને શુકવારના રોજ કૃષ્ણનગર તળપદા કોળી જ્ઞાતિની વાડી,લીમ્બડીયું,બી ડીવીઝન પાસે,ઘોઘા રોડ ખાતે ભાવનગર ખાતે રાખેલ છે.શૈલેશભાઈ (૯૯૨૪૫૫૦૮૩૩), સુનીલભાઈ (જીગાભાઈ-૯૦૩૩૯૩૯૮૪૫), ગૌતમભાઈ (મુન્નાભાઈ-૯૦૩૩૩૨૩૭૧૬).

# ફુલસરના મણિનગરમાં હિંસક કૂતરાઓના ત્રાસ અંગે તંત્રને રજૂઆત

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરનાફુલસર વિસ્તારમાં આવેલી મણિનગર સોસાયટીખાતે રહેતા સ્થાનિક રહીશોએ વિસ્તારમાં પાળવામાં આવેલા હિંસક કૂતરાઓના વધતા જતાં ત્રાસ અને તેનાથી માનવજિંદગી પર તોળાતા જોખમ અંગે તંત્રનું ધ્યાન દોર્યું છે. આ મામલે સ્થાનિક અરજદાર બટુકલાલ એચ. ઠાકર દ્વારા ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (જીટ્ટસ) તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત અરજી આપી તાત્કાલિક પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. રજૂઆત અનુસાર, મણિનગર સોસાયટીમાં રહેતા ભરતભાઈ તથા હિતેશભાઈ ભરતભાઈ પરમાર નામના રહીશોએ પોતાના ઘરમાં ૪ જેટલા દેશી પુખ્ત વયના કૂતરાઓ રાખેલા છે. જેમાં એક કાળા રંગનો અને ૩ થી ૪ ભુખરા રંગના કૂતરાઓ છે. આ કૂતરાઓને દિવસે ઘરમાં કેદ રાખવામાં આવે છે, પરંતુ રાત્રિના ૨૩:૦૦ વાગ્યાથી સવારના ૫:૦૦ વાગ્યા સુધી તેમને રોડ પર ખુલ્લા મૂકી દેવામાં આવે છે.

રાત્રિ દરમિયાન આ કૂતરાઓ સતત ભસતા હોવાથી અને કાગારોળ મચાવતા હોવાથી વિસ્તારની શાંતિનો ભંગ થાય છે અને આસપાસના રહીશોની ઊંઘ હરામ થઈ ગઈ છે.

**બરવાળા નગરપાલિકા બરવાળા**

**ટેન્ડર નોટીસ(૨૦૨૬-૨૭)**

**ઓનલાઈન ટેન્ડર**

આથી બરવાળા નગરપાલિકા તરફથી ઓનલાઈન ટેન્ડર સરકારશ્રીની ગ્રાન્ટ/સ્વભંડોળ માંથી મંજુર થયેલ કામો માટે યોગ્ય અનુભવી ઈજારદારો(ગવર્નમેન્ટ રજીસ્ટર કોન્ટ્રકટર) પાસેથી મંગાવવામાં આવે છે.

આ કામોનાં ઓનલાઈન ટેન્ડર http://www.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન તથા ઓફલાઈન ટેન્ડર બરવાળા નગરપાલિકા કચેરીના સમયગાળામાં મેળવી લેવાના રહેશે. આ કામોના ટેન્ડર તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૦૭/૧૦/૨૦૨૬ સુધી ભરવાના રહેશે. ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ નગરપાલિકા કચેરીને તા.૧૩/૧૦/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી મળી રહે તે રીતે મોકલવાના રહેશે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત રકમ રૂા. | ફી |
|---|---|---|---|
| | ઓનલાઈન | | |
| ૧ | બરવાળા નગરપાલિકા વોટરસપ્લાય વિભાગ માટે માલસામાન તથા ફીટીંગ કરવા સાથેના વાર્ષિક ભાવ સાથેનું કામ.(ત્રીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૨ | ANNUAL RATE CONTRACT FOR MISCELLANEOUS WORK FOR CIVIL DEPARTMENT (YEAR:2026-27)UNDER GOVERNMENT GRANT/SWABHANDOL. (ત્રીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૩ | બરવાળા નગરપાલિકા દ્વારા સંભાળવામાં આવતી સ્ટ્રીટલાઈટ રીપેરીંગ તથા માલસામાન સપ્લાય કરવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૪ | બરવાળા નગરપાલિકાની ઉતાવળી નદી પર આવેલ પાઈપ કલવર્ટ પર કેશ બેરિઅર લગાડવાનું કામ (બીજો પ્રયત્ન). | ૯૯૫૫૩૭.૦૦ | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૨૯૮૬૭.૦૦ |
| ૫ | CONSTRUCTION WORK OF CEMENT CONCRETE ROAD & PAVING BLOCK ROAD AS PER VARIOUS LOCATION CHART AT.BARVALA | ૩૪૨૧૧૦૬.૦૦ | ટેન્ડર ફી- ૨૫૦૦.૦૦ EMD- ૧૦૨૬૩૪.૦૦ |
| ૬. | બરવાળા નગરપાલિકા ખાતે કોમ્પ્યુટર હાર્ડવેર માલસામાન સપ્લાય તેમજ કોમ્પ્યુટર હાર્ડવેર, પ્રિન્ટર વગેરે મેન્ટેનન્સનું કામ. (ત્રીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૭. | બરવાળા નગરપાલિકાના જુદા-જુદા પત્રકો, પહોંચો, રજીસ્ટર, વિ.પ્રિન્ટીંગ તથા વિવિધ સાઈઝના બેનરો છાપી આપવાનો વાર્ષિક કોન્ટ્રકટ આપવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૮. | ANNUAL RATE CONTRACT FOR BACKHOE LOADER, EXCAVATOR AND TRACTOR TROLLEY FOR BARVALA NAGARPALIKA. (ત્રીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૯. | બરવાળા નગરપાલિકા માટે મેનહોલ તથા હાઉસ ચેમ્બરના ફ્રેમ અને કવર ખરીદવાનું કામ.(બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૧૦. | Operation And Maintenance work Of Underground Drainage Work For Sewerage Pumping Station 2.9 MLD Barvala Town (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૨૪૦૦.૦૦ EMD- ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૧. | બરવાળા નગરપાલિકાની સેનિટેશન શાખા માટે શહેરમાં સફાઈ કામગીરી કરવા માટે ત્રીકમ, પાવડા, ખંપાળી, હાથા વિગેરે ખરીદ કરવાનું કામ. | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૫૦૦૦.૦૦ |
| ૧૨. | બરવાળા નગરપાલિકાની સેનિટેશન શાખા માટે ગટર લાઈનોની સફાઈ માટે ફેકસીબલરોડ ખરીદ કરવાનું કામ. | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૫૦૦૦.૦૦ |
| ૧૩. | CONSTRUCTION WORK OF CEMENT CONCRETE ROAD WITH TRIMIX AND PAVING BLOCK ROAD AS PER VARIOUS LOCATION CHART AT.BARWALA | ૫૨૪૩૯૫૬.૦૦ | ટેન્ડર ફી- ૫૦૦૦.૦૦ EMD- ૧૫૭૩૧૯.૦૦ |

ફીઝીકલ ડોક્યુમેન્ટ ઓપન કરવાની સંભવિત તારીખ:-૧૪/૧૦/૨૦૨૬ (ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અગત્યના ડોક્યુમેન્ટ નગરપાલિકા કચેરી, બરવાળાને આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/પોસ્ટથી ઉપરોક્ત તારીખ સુધી મોકલવાના રહેશે). કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અબાધિત અધિકાર નગરપાલિકાનો રહેશે. કામ અંગેની માન્ય શરતો તથા વિગતો નગરપાલિકા ઓફિસેથી મળશે. વધુમાં ટેન્ડર ઉપર કામનું નામ અવશ્ય લખવું.

માહિતી-ભાવ-૬૩૧-૨૬

બરવાળા નગરપાલિકા

**મહુવા નગરપાલિકા, મહુવા, જી.ભાવનગર**

**"શ્રી ચંપકભાઈ વગડા ભવન" બજરંગદાસબાપા ચોક, વાસીતળાવ, મહુવા-૩૬૪૨૯૨૦,જી.ભાવનગર,(ગુજરાત)**

**જાહેર નિવિદા**

મહુવા નગરપાલિકાના વોટર વર્કસ ફિલ્ટર પ્લાન્ટ વિભાગ માટે નીચે મુજબનું કામ કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | ૭૦ HP ની મોટર રીવાન્ડીંગ કરી રીપેરીંગ કરી કમ્પ્લીટ ફીટીંગ કરી આપવાનું કામ. |

શરતો:

૧. આ કામના ભાવો બંધ કવરમાં તા.૨૨/૦૯/૨૦૨૬ ના સાંજના ૧૬:૦૦ કલાક સુધીમાં મહુવા નગરપાલિકા કચેરી ખાતે પહોચતા કરવાના રહેશે. તથા મોટરમાં આવતી રીવાઈન્ડીંગ, બુશીંગ, વિગેરે જેવી આઈટમોનો ઉલ્લેખ કરી આઈટમ વાઈઝ ભાવો મોકલવાના રહેશે.

૨.સદરહુ કામના ભાવો રજી.એડી./સ્પીડપોસ્ટ/કુરિયર દ્વારા નગરપાલિકા કચેરીએ મોકલી આપવાના રહેશે.

સદર કામ અંગેના તમામ હક્ક/અધિકારો નીચે સહી કરનારને અબાધિત રહેશે.

(પરાક્રમસિંહ ટી.મકવાણા)
ચીફ ઓફિસર
મહુવા નગરપાલિકા

માહિતી-ભાવ-૬૩૩-૨૬

**જાહેર નોટીસ**

**અરજદાર તરફે વિ.વ.શ્રી આર.એસ.મતવા.**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જ્યુડી. મેજી.સા.ની કોર્ટમાં, મું. પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૫૯/૨૦૨૬**

**ગીતાબેન વલ્લભભાઈ મકવાણા.**
**ઉ.વ.આ.૫૬, ધંધો- ઘરકામ.**
**રે.મુ.આદપુર, તા.પાલીતાણા.**

**-: વિરુધ્ધ :-**

**તલાટી કમ મંત્રી શ્રી,**
**આદપુર ગ્રામ પંચાયત કચેરી, મુ.આદપુર,**
**તા.પાલીતાણા.**

**બાબત:- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ ધ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામનાં અરજદાર ગીતાબેન વલ્લભભાઈ મકવાણા રહેવાસી મુ.આદપુર, તા.પાલીતાણા વાળાએ તેમના પુત્ર "ગૌતમભાઈ વલ્લભભાઈ મકવાણા" નો જન્મ તા.૦૮/૦૧/૨૦૧૧ નાં રોજ આદપુર મુકામે થયેલ તે અન્વયે આ કામનાં સામાવાળા આ મતલબનો દાખલો કાંઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઇસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ:-૨૫/૯/૨૦૨૬ નાં રોજ સવારે ૧૦/૪૫ કલાકે હાજર રહેવુ. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ ધ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તા:૦૩ જી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (સી.કે.મારૂ) સુપ્રિન્ટેન્ડેન્ટ
મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી
(એસ.જે.પરાંજપે) રજીસ્ટ્રાર
એડી.ચીફ.જયુડી.મેજી. કોર્ટ,
પાલીતાણા

**અરજદાર તરફે વિ.વ.શ્રી :-આર.પી.વાળા**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જ્યુડી. મેજી.સા.ની કોર્ટમાં, મું. પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૯૧/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**રમેશભાઈ રામજીભાઈ ધામેલીયા**
**રહે.મું.વડીયા, તા.પાલીતાણા, જી.ભાવનગર.....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મું.વડીયા, તા. પાલીતાણા......સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી.**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર રમેશભાઈ રામજીભાઈ ધામેલીયા રહે.મું.વડીયા, તા.પાલીતાણા, જી.ભાવનગરનાઓએ તેમની પુત્રી "ધામેલિયા અંજલીબેન રમેશભાઈ" જન્મ તા.૩૦/૦૬/૧૯૯૬ના રોજ મું.વડીયા, તા.પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મું.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તા:૦૨ માહે: સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર (પી.એમ.જાની) આસીસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકુમથી
(એસ.જે.પરાંજપે) રજીસ્ટ્રાર
પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી. ચીફ
જયુડી.મેજી. કોર્ટ, પાલીતાણા

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૯૦/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૮/૧૧/૨૦૦૦**

**શ્રી દલપતભાઈ વનમાળીભાઈ બારૈયા,**
**રહે. બી-૬૨૬૦, કાળીયાબીડ,**
**ભાવનગર. મો-૯૪૨૭૩૫૨૨૦૯**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી દલપતભાઈ વનમાળીભાઈ બારૈયાએ તેમના પુત્ર વિશાલભાઈ દલપતભાઈ બારૈયા નો જન્મ તા.૦૮/૧૧/૨૦૦૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૦/૦૩/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો
હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને સીટી મામલતદાર ભાવનગર

